# અમરિન્દર અને નવજોત સિદ્ધૂ વચ્ચે ખેંચતાણ ચરમસીમા પર

**નવજોત મહત્વકાંક્ષી હોવા માટેની વાત કરી : પટિયાલામાં મતાધિકારનો ઉપયોગ કર્યા બાદ અમરિન્દરની પ્રતિક્રિયા**

પટિયાલા,તા.૧૯ પંજાબના મુખ્યમંત્રી કેપ્ટન અમરિન્દરસિંહ અને રાજ્યના કેબિનેટ મંત્રી નવજોત સિદ્ધુ વચ્ચે ખેંચતાણ ચરમસીમા ઉપર પહોંચી ગઈ છે. લોકસભા ચૂંટણી ૨૦૧૯માં ટિકિટ ન મળવા પર સિદ્ધુના પત્નિ નવજોત કૌર સિદ્ધુએ કેપ્ટનની સામે નારાજગી વ્યક્ત કરી હતી. આને લઈને સિદ્ધુએ પણ સમર્થન કર્યું હતું. બીજી બાજુ મુખ્યમંત્રી અમરિન્દરે હવે સિદ્ધુને મહત્વકાંક્ષી ગણાવીને કહ્યું છે કે તેમને દૂર કરીને નવજોત સિદ્ધુ મુખ્યમંત્રી બનવા માટે ઇચ્છુક છે. આના માટે પ્રયાસ પણ કરવામાં આવી રહ્યા છે. પંજાબની ૧૩ લોકસભા સીટ પર આજે મતદાન યોજાયું હતું. આ ગાળા દરમિયાન કેપ્ટન અમરિન્દરસિંહે પટિયાલામાં



પોલિંગ બુથ નંબર ૯૮ પર પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. મતદાન બાદ નવજોત સિદ્ધુનો ઉલ્લેખ કરતા અમરિન્દરસિંહે કહ્યું હતું કે, નવજોત સિદ્ધુ સાથે તેમનું કોઈ શાબ્દિક યુદ્ધ નથી. જો નવજોત સિદ્ધુ મહત્વકાંક્ષી છે તો આમા કોઈ ખોટું નથી. લોકો મહત્વકાંક્ષા ધરાવે છે. તેમની સાથે તેમના કોઈ મતભેદ નથી. નવજોત સિદ્ધુ તેમને દૂર કરવા ઇચ્છુક છે. તેમની તકલીફ પણ આ જ રહેલી છે. નવજોત કૌરે અગાઉ આક્ષેપ કરતા કહ્યું હતું કે, અમરિન્દરસિંહના કારણે નવજોત સિદ્ધુને અમૃતસરની સીટ ઉપર ટિકિટ મળી શકી નથી. નવજોત કૌરે એમ પણ કહ્યું હતું કે, અમરિન્દર અને પાર્ટી મહાસચિવ આશાસિંહે એવી ખાતરી કરી હતી કે, નવજોત સિદ્ધુને કોઈપણ કિંમતે અમૃતસરમાંથી ટિકિટ મળવી જોઈએ નહીં. નવજોતે પણ અમૃતસરમાં વાતચીત કરતા કહ્યું હતું કે, કેપ્ટન અને આશાકુમારી વિચારે છે કે, મેડમ સિદ્ધુ સંસદીય સીટ ઉપર ટિકિટ મેળવવા માટે હકદાર નથી. તેમને અમૃતસરમાંથી ટિકિટ એટલા માટે આપવામાં આવી નથી કે ગયા વર્ષે અમૃતસરમાં દશેરા રેલી દરમિયાન લોકોની નારાજગીના કારણે તેઓ જીતી શકશે નહીં. પંજાબમાં પ્રવાસ અને સાંસ્કૃતિક મંત્રી નવજોત સિદ્ધુએ જ્યારે પત્નિના આક્ષેપો અંગે પુછવામાં આવ્યું ત્યારે પુછવામાં આવ્યું હતું કે, તેમના પત્નિ નૈતિકરીતે એટલા મજબૂત છે કે, તે ક્યારે ખોટા નિવેદન કરશે નહીં. અમૃતસરમાંથી કોંગ્રેસે વર્તમાન સાંસદ ગુરજિતસિંહને શિરોમણી અકાળી દળ-ભાજપના ઉમેદવાર હરદીપસિંહ સામે ચૂંટણી મેદાનમાં ઉતાર્યા છે. પંજાબમાં કોંગ્રેસની સરકાર હોવાથી કોંગ્રેસની પ્રતિષ્ઠા પણ દાવ ઉપર લાગેલી છે. આવી સ્થિતિમાં આ વખતે પંજાબના પરિણામ શું રહેશે તેની ચર્ચા જોવા મળી રહી છે.

# મોદીની કેદારનાથ યાત્રા મુદ્દે ટીએમસી પંચ સમક્ષ ફરિયાદ

**તૃણમુલ કોંગ્રેસ દ્વારા તરત પ્રતિબંધ મુકવા માટેની માંગણી**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની કેદારનાથ યાત્રાને લઈને નવો વિવાદ શરૂ થઈ ગયો છે. તૃણમુલ કોંગ્રેસ તરફથી પણ ચૂંટણી પંચ સમક્ષ ફરિયાદ કરવામાં આવી છે. પશ્ચિમ બંગાળના શાસક પક્ષે ચૂંટણી પંચને પત્ર લખીને મોદીના કેદારનાથના પ્રવાસને લઈને પ્રશ્નો ઉઠાવ્યા છે. આ પ્રવાસને ટીવી પ્રસારણ બાદ આચારસંહિતાનો ભંગ તરીકે ગણાવીને આની સામે કાર્યવાહીની માંગ કરી છે. ટીએમસીનું કહેવું છે કે, મોદીએ કેદારનાથમાં માસ્ટર પ્લાનની જાહેરાત કરી છે. પ્રજા અને મિડિયાને સંબોધન પણ કર્યું છે. આચારસંહિતાનો ખુલ્લો ભંગ કરવામાં આવ્યો છે. તૃણમુલ કોંગ્રેસે આના પર તરત પ્રતિબંધની માંગ કરી છે. ચૂંટણી પંચને લખવામાં આવેલા પત્રમાં ટીએમસીએ કહ્યું છે કે, લોકસભા ચૂંટણીના અંતિમ તબક્કા માટે પ્રચારની પ્રક્રિયા પૂર્ણ થઈ ચુકી છે ત્યારે છેલ્લા બે દિવસથી મોદી કેદારનાથ યાત્રા પહોંચીને મિડિયામાં છવાઈ રહ્યા છે. ચૂંટણી આચારસંહિતાના ભંગ તરીકે આ બાબત રહેલી છે. આ વખતે બંગાળમાં ભાજપ અને તૃણમુલ કોંગ્રેસ વચ્ચે જોરદાર સ્થિતિ સ્પર્ધા જોવા મળી રહી છે. છેલ્લા તબક્કામાં બંગાળની નવ સીટ ઉપર આજે મતદાન યોજાયું હતું. ગયા મંગળવારના દિવસે ભાજપ પ્રમુખ અમિત શાહના રોડ શો દરમિયાન બંને પક્ષોના કાર્યકરો આમને સામને આવી ગયા હતા અને વ્યાપક હિંસા થઈ હતી. આ ગાળા દરમિયાન બંગાળના લોકપ્રિય સમાજ સુધારક ઇશ્વરચંદ વિદ્યાસાગરની પ્રતિમાને તોડી પાડવામાં આવી હતી જેને લઈને ભારે હોબાળો થયો હતો. આજે બંગાળના મુખ્યમંત્રી તરફથી કોઈ પ્રતિક્રિયા આપવામાં આવી નથી પરંતુ તેમની પાર્ટીના લોકો તરફથી જોરદાર રજૂઆત કરવામાં આવી હતી.

# રાજ્યમાં ભારે વાવાઝોડા સાથે વરસાદની આગાહી

**ગાંધીનગરમાં પારો ૪૨થી પણ ઉપર રહ્યો : અમદાવાદ, સુરેન્દ્રનગર, કંડલા એરપોર્ટ ખાતે તીવ્ર ગરમીનો અનુભવ**

અમદાવાદ,તા.૧૯ રાજયમાં છેલ્લા બે-ત્રણ દિવસથી હવામાનમાં નોંધાયેલા નોંધપાત્ર પલ્ટા અને વરસાદી માહોલ વચ્ચે આજે હવામાન ખાતાએ આગાહી કરી હતી કે, રાજયમાં હજુ ત્રણ દિવસ કેટલાક વિસ્તારોમાં ભારે વાવાઝોડા અને વરસાદી માહોલની શકયતા છે. ખાસ કરીને ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર-કચ્છ સહિતના વિસ્તારોમાં ત્રણ દિવસ ૩૦થી ૪૦ કિમી ઝડપે ભારે પવન સાથે વાવાઝોડું ફુંકાશે. તો, સૌરાષ્ટ્ર પંથકના ઘણા ખરા વિસ્તારમાં હળવાથી ભારે ઝાપટા પડવાની આગાહી પણ હવામાન ખાતા દ્વારા કરવામાં આવી છે. રાજસ્થાનમાં સર્જાયેલા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને હવાના દબાણમાં નોંધાયેલા ફેરફારના કારણે ગુજરાત રાજયના અમુક વિસ્તારોમાં હવામાનમાં છેલ્લા બે-ત્રણ દિવસથી નોંધપાત્ર પલ્ટો નોંધાયો છે. ખાસ કરીને રાજયના સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત સહિતના કેટલાક વિસ્તારોમાં ભારે ગાજવીજ અને ઠંડા પવનના વાવાઝોડા સાથે વરસાદ નોંધાયો હતો. અમદાવાદમાં પણ ગઈકાલે બપોર બાદ હવામાન પલટાયુ હતું અને ઠંડા પવન અને ગાજવીજ સાથે વરસાદી ઝાપટા નોંધાયા હતા, જેમાં શહેરના મેમનગર, ગુરૂકુળ, નારણપુરા, સોલા, સાયન્સસીટી, બોપલ, ઘુમા, એસજી હાઈવે સહિતના વિસ્તારોમાં વરસાદના હળવા ઝાપટા નોંધાયા હતા. બીજીબાજુ, ગઈકાલે સૌરાષ્ટ્ર પંથકના અમરેલી, સાવરકુંડલા સહિતના પંથકોમાં સતત બીજા દિવસે કમોસમી વરસાદ નોંધાયો હતો. તો, બનાસકાંઠાના ધાનેરા સહિતના પંથકોમાં અને આણંદના બોરસદ સહિતના વિસ્તારોમાં પણ વરસાદ નોંધાયો હતો. છેલ્લા બે-ત્રણ દિવસથી રાજયના પલટાયેલા વાતાવરણના કારણે ગરમીમાં લોકોને રાહત મળી છે પરંતુ બીજીબાજુ, કમોસમી વરસાદને લઈ ખેડૂતઆલમ કેરી સહિતના પાકની નુકસાનીને લઈ ચિંતામાં ગરકાવ બન્યો છે. રાજયમાં બદલાયેલા હવામાન અને વાતાવરણ વચ્ચે હવામાન વિભાગ દ્વારા હજુ વધુ ત્રણ દિવસ સુધી રાજયમાં ભારે વાવાઝોડા અને વરસાદની આગાહી કરવામાં આવી છે. જેમાં ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર-કચ્છ સહિતના વિસ્તારોમાં ત્રણ દિવસ ૩૦થી ૪૦ કિમી ઝડપે ભારે પવન સાથે વાવાઝોડું ફુંકાવાની આગાહી કરાઈ છે તો, સૌરાષ્ટ્ર પંથકના ઘણા ખરા વિસ્તારમાં હળવાથી ભારે ઝાપટા પડવાની શકયતા વ્યકત કરાઈ છે.

ઉલ્લેખનીય છે કે, અમદાવાદ શહેર સહિત રાજયભરમાં ખાસ કરીને ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છના વિવિધ વિસ્તારો અને પંથકોમાં છેલ્લા બે ત્રણ દિવસથી વાતાવરણ એકદમ વાદળછાયુ અને પ્રમાણમાં ઠંડકમય બની રહ્યું છે. આ વિસ્તારોમાં કયાંક કયાંક સર્જાયેલા વરસાદી માહોલ વચ્ચે સ્થાનિક ખેડૂતો પણ હવે હવામાન ખાતાની વધુ ત્રણ દિવસની આગાહીને લઈ ચિંતાતુર બન્યા છે. અમદાવાદ સહિત રાજયભરમાં હળવા વરસાદની આગાહી વચ્ચે અમદાવાદમાં પારો આજે ૪૧ સુધી પહોંચ્યો હતો જયારે ગાંધીનગરમાં મહત્તમ તાપમાન ૪૨ સુધી રહ્યું હતું. આ ઉપરાંત રાજયના અન્ય ભાગોમાં પણ કેટલીક જગ્યાઓએ ગરમી જોવા મળી હતી. સુરેન્દ્રનગરમાં ૪૧.૩ અને કંડલા એરપોર્ટ ખાતે પારો ૪૧ સુધી રહ્યો હતો.

## શ્રી હરિકોટાથી લૉન્ચ થયેલા સાઉન્ડિંગ રૉકેટ લોન્ચિંગમાં અરવલ્લીનો વિદ્યાર્થી

ઈસરોના શ્રીહરિકોટા સ્પેસ સેન્ટર ખાતેથી રોકેટ લોન્ચિંગમાં અરવલ્લી જિલ્લાનો વિદ્યાર્થી તેનો સાક્ષી બન્યો છે. ઈસરોના શ્રી હરિકોટા ખાતે ચાલી રહેલા યુવિકા સંવાદ ૨૦૧૯ ચાલી રહ્યું છે, જેમાં દેશના વિવિધ રાજ્યના વિદ્યાર્થીઓ ભાગ લેવા પહોંચ્યા છે જેમાં આજે ઈસરો દ્વારા સાઉન્ડિંગ રૉકેટ લોન્ચિંગ કરવામાં આવ્યું હતું જેમાં અરવલ્લી જિલ્લાના મોડાસાની જે. બી. શાહ ઇંગ્લીશ મીડિયમ સ્કૂલમાં અભ્યાસ કરતો પ્રથમ પટેલ તેની સાક્ષી બન્યો હતો. રોકેટ લોન્ચિંગ બાદ ઈસરોના વૈજ્ઞાનિક ડૉ. કે. સિવને વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો



હતો, જેના ફોટોગ્રાફસ ઈસરોએ ટ્વીટ કરી શેર કર્યા છે.

ઇન્ડિયન સ્પેસ રીસર્ચ ઓર્ગેનાઈઝેશન એટલે કે, ઈસરોના યુવિકા સમર પ્રોગ્રામ માટે અરવલ્લી જિલ્લાના વિદ્યાર્થીની પસંદગી હતી. મોડાસાની શ્રી.જે.શાહ ઇંગ્લીશ મીડિયમ શાળાના વિદ્યાર્થી પ્રથમ પટેલની યુવિકા સમર કેમ્પમાં પસંદગી થતાં તેઓ બેંગ્લોર ખાતે ઈસરો સ્પેશ સેન્ટર ખાતે તાલિમ લેવા ગયા છે. દેશના યુવાઓ અવકાશ સંશોધનમાં આગળ આવે તે હેતુથી પ્રોત્સાહન આપવા માટે ઈસરો દ્વારા ઉનાળા વેકેશનમાં ખાસ કેમ્પ યોજાય છે, જેમાં રાજ્યાની વિવિધ શાળાઓમાંથી વિદ્યાર્થીઓ ભાગ લે છે. આ વર્ષે ૨૦૦ વધારે તેજસ્વી વિદ્યાર્થીઓની અરજીઓમાંથી ઈસરોના ધારા ધોરણ અનુસાર ગુજરાતના ત્રણ વિદ્યાર્થીઓને આ તક મળી હતી. બે સપ્તાહ સુધી ચાલેલા યુવા યુવિકા કેમ્પમાંથી રાજ્યના ત્રણ વિદ્યાર્થીઓ પૈકી સૌપ્રથમવાર અરવલ્લી જિલ્લાના વિદ્યાર્થીની પસંદગી થઈ છે. પ્રથમ પટેલ રજાના દિવસોમાં જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્રમાં જઈ વિજ્ઞાનલક્ષી પ્રવૃત્તિ સતત કરતો રહેતો હતો, જેને કારણે આ સિદ્ધિ તેને મળતા પરિવાર સહિત શાળામાં પણ ખુશી પ્રસરી હતી.

## ડીવાયએસપીના ત્રાસથી બ્રોકરે આત્મહત્યા કરી લેતાં ચકચાર

અમદાવાદ,તા. ૧૯ અમદાવાદ શહેરના રાણીપ વિસ્તારમાં રહેતા બીટકોઈનના બ્રોકર ભરત પટેલે શનિવારે મોડી રાતે ઘરે ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. મૃતક ભરત પટેલ પાસેથી એક સ્યુસાઈડ નોટ મળી આવી છે. જેમાં તેમણે ડીવાયએસપી ચિરાગ પટેલ (સવાણી)ના ત્રાસથી આત્મહત્યા કરી હોવાનો ચોંકાવનારો ખુલાસો કરતાં ભારે ખળભળાટ મચી ગયો હતો. મૃતક બ્રોકરક ભરત પટેલના પરિવારજનો દ્વારા પણ જયાં સુધી ડીવાયએસપી ચિરાગ પટેલ સહિતના કસૂરવારો વિરુધ્ધ કાર્યવાહી ના થાય ત્યાં સુધી મૃતદેહ સ્વીકારવાનો સાફ ઈન્કાર કરી દીધો હતો, જેને લઈને મામલો ગરમાયો હતો પરંતુ પોલીસની ભારે સમજાવટ અને યોગ્ય તપાસની ખાતરી બાદ આખરે પરિવારજનોએ મૃતદેહ સ્વીકાર્યો હતો. રાણીપ પોલીસે હાલ તો આ કેસમાં અકસ્માત મોત નોંધી સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી છે. બીટકોઈનના બ્રોકર ભરત પટેલે આત્મહત્યા કરતાં પહેલાં લખેલી સ્યુસાઈડ નોટમાં ૧૧૫૭૫ બીટકોઈનના હિસાબ મામલે ડીવાયએસપી ચિરાગ પટેલ (સવાણી)ના ત્રાસ અને ધમકીનો સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. રાણીપના ભરત પટેલ બિટકોઈન ટ્રેડીંગનું કામ કરતા હતા. ગઈ મોડી રાત્રે તેમણે પોતાના ઘરમાં જ ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. જો કે, બ્રોકર ભરત પટેલે ગળાફાંસો ખાતા પહેલા એક સ્યુસાઈડ નોટ લખી હતી. જેમાં તેમણે લખ્યું હતું કે, હું લખનાર પોતે ભરતકુમાર ભાખાભાઈ પટેલ મારા ત્યાં હરીશ સવાણી (મોન્ટુ), ગાંધીનગર અને એમના નાના ભાઈ ચિરાગ સવાણી જે ડીવાયએસપી છે. મોબાઈલ નંબર મારા ઘરે આવ્યા હતા. હું બીટકોઈનનું ટ્રેડિંગનું કામ કરતો હતો. તેમણે જે પાંચ બીટકોઈન ટ્રેડિંગ કરવા આપેલા, જે લોસ થતાં પાંચ બીટકોઈનનો ૧૧૫૭૫ બીટકોઈનનો હિસાબ માગે છે. મારા પર આ બંને ભાઈઓનું ભયંકર પ્રેશર છે. બીટકોઈન રિકવરીથી હું ખૂબ જ પરેશાન છું. મારું જીવવું હરામ થઈ ગયું છે. બાકી ચિરાગ સવાણી ડીવાએસપીએ પણ મને ઘરે આવી પુરા બીટકોઈન આપી દેવાની ધમકી આપેલ છે. હું આપઘાત કરવા મજબૂર બન્યો છું. મારા સ્યુસાઈડ પાછળ આ બંને ભાઈઓનું પ્રેશર જવાબદાર છે.



**વિજયનગરના ખેતરા ગામમાં હનુમાનજીના મંદિરનો પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવ**

સાબરકાંઠા જીલ્લાના વિજયનગર તાલુકાના મહુવાના ખેતરા ગામમાં નવિન સંકટમોચન હનુમાનજી દાદાના મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉત્સાહભેર ધામધુમ પુર્વક યોજાયો હતો. લલિતભાઈ ડામોરએ જણાવ્યું હતું કે તા.૧૮/૫/૨૦૧૯ ને શનિવારના રોજ મહુવાના ખેતરા ગામમાં નવિન સંકટમોચન હનુમાનજી દાદાના મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ દબદબાભેર ધાર્મિક કાર્યક્રમ વિધિવિધાન પુર્વક યોજાયો હતો. હનુમાન દાદાના હરિભક્ત સોમાજી સુકાજી ખરાડી,મણીબેન સોમાજી ખરાડી, મહુવાના ખેતરા ગામ સહિત આજુ-બાજુના ગ્રામ્ય વિસ્તારના હનુમાનજી દાદાના સેવાભાવી હરિભક્તોની મહેનત થકી હનુમાનજી દાદાના મંદિરનું નવનિર્માણ કરી શોભાયાત્રા વાજતે-ગાજતે ધામધુમ પુર્વક નીકળી હતી.શ્રી સંકટમોચન હનુમાનજી દાદાના મંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે ભક્તિમય વાતાવરણ વચ્ચે ભક્તિભાવ પુર્વક પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ સંપન્ન કરી ભાવિક ભક્તો ભક્તિના રંગે રંગાયા હતા. પંચ કુંડી હવન, પુર્ણાહુતિ કાર્યક્રમમાં સોમાજી ખરાડી પરીવાર યજમાન પદે ઉપસ્થિત રહ્યા હતા.



**અંબાજી ખાતે ભોઈ સમાજ ભાવનનો ભૂમિ પૂજન સમારોહ યોજાયો**

ભોઈ સમાજ ક્રાંતિદળ સેવા ટ્રસ્ટ ગુજરાત પ્રદેશ સંચાલિત અંબાજી ખાતે નવીન આકાર લઈ રહેલા ભોઈ સમાજ ભવનનો ભવ્ય ભૂમિ પૂજન સમારોહ યોજાયો હતો જેમાં સમગ્ર રાજ્યમાંથી ભોઈ સમાજના અગ્રણીઓ, મહિલાઓ અને યુવાનો અને ક્રાન્તિદળ સેવા ટ્રસ્ટના હોદ્દેદારો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા અંબાજી ખાતે આવેલ ચરોતર પટેલ સમાજવાડી ખાતેથી વાજતે-ગાજતે ભુમીપુજન સ્થળે જવા શોભાયાત્રા યોજાઈ હતી અને ભુમીપુજન કાર્યક્રમ યોજાયો હતો. ગુજરાત પ્રદેશ અધ્યક્ષ પ્રવીણ ભાઈ ભોઈ ગુજરાત પ્રદેશ યુવા અધ્યક્ષ જયેશ ભોઈ, બાંધકામ સમિતિના અધ્યક્ષ કડિયા જયંતિ ભાઈ, ઉત્તર ગુજરાત પ્રભારી કડિયા રમેશ ભાઈ, ગુજરાત પ્રદેશ પ્રભારી નવીન ભાઈ ભોઈ,ગુજરાત પ્રદેશ મહામંત્રી ભુલાભાઈ, સીનીયર પત્રકાર નવનીત ભાઈ મહેરા, જામનગર ના મેયર હસમુખભાઈ જેઠવા, મહારાષ્ટ્ર મહિલા અધ્યક્ષ ઉજવલાબેને વિશેષ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

### માટી પથરાતા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વોટર લાઈન નાંખવામાં આવી હતી. અલબત્ત શહેરના મુખ્યમાર્ગો સિવાય વરસાદી પાણીના નિકાલની લાઈન ન હોવાથી સેકટરોમાં વરસાદી દિવસો દરમિયાન જળબંબાકારની સ્થિતિ જોવા મળે છે. પરંતુ હવે કરોડોના ખર્ચે આ પ્રોજેકટનુ કામ હાથ ધરાતા ચોમાસામાં વરસાદી પાણીનો નિકાલ ઝડપથી થઈ જશે તેમ પણ મનાઈ રહ્યુ છે. હાલ સેકટરોમાં મોટામસ ખાડાઓ ખોદીને તોતિંગ પાઈપ ખડકાયેલા જોવા મળી રહ્યા છે. જયારે ખોદકામના લીધે શહેરના માર્ગો પર માટીની ચાદર પથરાયેલી છે. ખોદકામના અંતે પાઈપની કામગીરી બાદ યોગ્ય પુરાણ ન થતા વાહનચાલકો હેરાન પરેશાન થઈ ગયા છે. સે-૨૧ સહીત સે-૭ માં પણ આવી જ સ્થિતિ છે. મોટા ખાડા ખોદીને યોગ્ય પુરાણ કરવામાં આવ્યુ નથી .બીજીતરફ આખા રસ્તાઓ પર માટી ફરી વળી છે. જેના લીધે વાહનચાલકો અકસ્માતનો પણ ભોગ બની રહ્યા છે. માર્ગો પર પથરાયેલી ધુળ વાહનચાલકોની આંખમાં ખુંચે છે. પરંતુ કામગીરીના અંતે યોગ્ય સફાઈ પણ કરવામાં આવતી નથી. જેના લીધે તંત્રની કામગીરી આમ નાગરિકો માટે હાલાકીનુ કારણ બની છે. આ મામલે નાગરિકોને હેરાનગતિ ન વેઠવી પડે તે માટે જવાબદાર એજન્સી દ્વારા પુરતો ખ્યાલ રાખી કામગીરીના અંતે યોગ્ય માર્ગો આસપાસના ખાડાનુ યોગ્ય પુરણ કરી સફાઈ કરવામાં આવે તેવી પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.

### ગણતરીમાં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ખુલ્લી ગટરના સંદર્ભમાં પ્રમાણમાં ઘણી સારી છે. પરંતુ આજ ગાંધીનગરના ઘર પરિવારોના બાથરૂમમાં ગંદા પાણીના નિકાલ માટે ગટર જ ન હોય એના આંકડા તપાસીએ તો શહેરી ગુજરાત કરતાં આપણા ગાંધીનગર શહેરી વિસ્તારમાં આઠ ટકા પરિવારો વધુ છે કે જેમના બાથરૂમ ગટર વ્યવસ્થા સાથે જોડાયેલા જ નથી. ગ્રામીણ ગુજરાત કરતા ગ્રામીણ ગાંધીનગરની સ્થિતિ સારી છે જોકે ગાંધીનગર, અને કલોલ, દહેગામ સહીતના નગરીય વિસ્તારોમાં કુલ ૨૫ ટકા પરિવારોના ઘરના બાથરૂમ ગટર સાથે જોડાયેલા જ નથી. આ ઘર પરિવારના બાથરૂમ ગટર વ્યવસ્થા સાથે જોડાય એ જેટલી શૌચાલયની વ્યવસ્થા જરૂરી છે એટલી જરૂરી બાબત બાથરૂમ્સના ગટર જોડાણની પણ છે તે સત્તા અને વહીવટી તંત્ર સમજવા જેવું છે.

### જનઆંદોલન... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ચાવડાએ ભાજપ સરકાર પર આકરા પ્રહારો કરતાં જણાવ્યું હતું કે, ગુજરાતની આ આંધળી અને બહેરી સરકારના કાને કોંગ્રેસ જનતાના દુઃખ અને વેદનાની આ વાત પહોંચાડશે. આગામી વિધાનસભા સત્રમાં પણ કોંગ્રેસ આ મુદ્દો જોરશોરથી ઉઠાવશે. જરૂર પડયે કોંગ્રેસ પાણીના મુદ્દે જનતાને સાથે રાખી રાજયવ્યાપી જનઆંદોલન પણ છેડશે. લોકસભા ચૂંટણીના તમામ તબક્કા પૂર્ણ થયા હોઈ હવે પરિણામોનો સમય નજીકમાં હોઈ કોંગ્રેસ ફરી એકવાર દેશમાં સત્તાનું સુકાન સંભાળશે તેવી આશા પણ ચાવડાએ વ્યકત કરી હતી. કોંગ્રેસના નેતાઓ રાજયના જુદા જુદા વિસ્તારોમાં ફરી પાણી મુદ્દે રિયાલિટી ચેક અને સાચી પરિસ્થિતિની જાત માહિતી મેળવી રહ્યા છે અને તેનો વિગતવાર અહેવાલ તૈયાર કરી રહ્યા છે. ગઈકાલે પણ પાટણ જિલ્લામાં અછતમાં પાણી અને ઘાસચારાની બૂમરાણને પગલે પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ અમિત ચાવડાએ પાટણ જિલ્લાના અછતગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી હતી. ચાવડાએ ભાજપ પર ચાબખા વરસાવતાં જણાવ્યું હતું કે, રાજયમાં ભાજપ સરકાર દ્વારા પીવાનું પાણી પ્રજાને આપવાનું આયોજન નિષ્ફળ ગયું છે.

### લુપ રોડ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પણ જોવા મળી રહ્યા છે. શહેરના માર્ગો પર સ્થિત ટ્રાફિક સિગ્નલ પર રેડ લાઈટ જબુકતા વાહનો અટકી જાય છે. શહેરમાં ટ્રાફિક સિગ્નલ કાર્યરત થયા બાદ ટ્રાફિકનો સિનારીયો પણ બદલાયો છે. જયારે સેકટરોમાં પણ અવરજવર કરતા વાહનોની સંખ્યા વધી છે. આ સ્થિતિને ધ્યાને લઈ માર્ગ મકાન વિભાગ દ્વારા સર્કલો પર ટ્રાફિકનુ ભારણ ઘટાડવા માટે લુપ રોડ બનાવવા માટે પણ વિચારણા હાથ ધરવામાં આવી છે. જેના લીધે સર્કલો પર ટ્રાફિકનુ ભારણ ઘટશે. આ ઉપરાંત વિવિધ સેકટરોમાં એન્ટ્રી લેવા માટે સર્કલ ફરવાની નોબત નહીં આવે જો કે આ મામલે હજુ માર્ગ મકાન વિભાગ દ્વારા આખરી આયોજન કરાયુ નથી. પરંતુ આ મામલે નગરના રોડ નેટવર્કનો અભ્યાસ કરીને આ દીશામાં લુપ રોડની યોજનાને અંજામ આપવા માટે પણ વિચારણા કરવામાં આવી રહી છે.

### એક્ઝિટપોલ

● અનુસંધાન પહેલાનું ચાલુ

રહી છે. ટાઈમ્સનાઉના પોલ મુજબ ઉત્તરપ્રદેશમાં લોકસભામાં ભાજપને ૫૦થી ૫૬ સીટો મળી શકે છે. એનડીએના ખાતામાં ૫૮ સીટો જઈ શકે છે. કોંગ્રેસ પાર્ટીને અગાઉની જેમ જ બે સીટો મળી શકે છે. મહાગઠબંધનને ૨૦ સીટો સાથે જ સંતોષ કરવાની ફરજ પડી શકે છે. એક્ઝિટ પોલના મોટાભાગના તારણો દર્શાવે છે કે, એનડીએને ફરીવાર સત્તામાં લોકો લાવવા માટે ઈચ્છુક છે. બીજી બાજુ મમતા બેનર્જીએ એક્ઝિટ પોલના તારણોને ફગાવી દીધા છે અને કહ્યું છે કે, એક્ઝિટ પોલ માત્ર ગોશિપ તરીકે છે. આ ગોસિપ મારફતે ઈવીએમના હજારો મશીનોને બદલી દેવામાં આવી રહ્યા છે. તમામ વિરોધ પક્ષોને સાથે લઈને આગળ વધવાની જરૂર છે. મમતા બેનર્જીએ ટ્વિટ કરીને આ અંગેની માહિતી આપી છે. મોટાભાગના એક્ઝિટ પોલના તારણો જારી કરવમાં આવ્યા બાદ આ અંગેની સ્પષ્ટ વાત કરવામાં આવી છે. કેટલીક વખત એક્ઝિટ પોલના તારણો ખોટા પણ સાબિત થયા છે.

### હિંસાના મામલે

● અનુસંધાન પહેલાનું ચાલુ

તબક્કામાં મતદાનની શરૂઆત થયા બાદ ટીએમસી અને ભાજપના કાર્યકરો વચ્ચે અથડામણ થઈ હતી. જાધવપુરમાંથી ભાજપના ઉમેદવાર પ્રોફેસર અનુપમ હજારાએ ટીએમસી પર અનેક બુથ પર મતદાનમાં ગેરરીતિ કરવા અને ભાજપના કાર્યકરોને માર મારવાના આક્ષેપ કર્યા છે.

### વિસ્તૃત ચર્ચા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પહેલા ખુબ સક્રિય દેખાઈ રહ્યા છે. થોડાક દિવસ પહેલા જ કોંગ્રેસ તરફથી ભાજપને હટાવવાની કિંમત ઉપર વડાપ્રધાન પદના ત્યાગને લઈને કોંગ્રેસ તરફથી રજૂઆત કરવામાં આવી ચુકી છે જેથી અટકળો ગઠબંધન સરકારને લઈને ચાલી રહી છે. ભાજપે બહુમતિ નહીં મળવાની સ્થિતિમાં કોંગ્રેસની સીટોના આંકડા ઓછા હોવાની સ્થિતિમાં ગઠબંધન સરકારની રચના કરવાની દિશામાં ક્ષેત્રિય પક્ષો આગળ વધી રહ્યા છે. બીજી બાજુ એનસીપીના વડા શરદ પવારે ગઠબંધનના સવાલ પર કહ્યું હતું કે, તમામ પક્ષોને ૨૩મી મેનો ઈંતજાર છે.

### અતિતની આજ ● ચોથા પાનાનું ચાલું

દેશભરમાં ૧૦% ''આર્થિક રીતે નબળા વર્ગો'' (સવર્ણો) માટે નોખી અનામત માટે બંધારણ સુધારો કરીને એને દાખલ કરવાના કેન્દ્ર સરકારના નિર્ણયને પગલે અનામતની ટકાવારી ૫૦% કરતાં વધી જય છે. કેન્દ્રના આ નિર્ણયને પડકારતી અનેક અરજીઓ સુપ્રીમ કોર્ટમાં થઈ છે. તમિળનાડુ સહિતનાં દક્ષિણનાં રાજ્યોમાં ૬૯% સુધીની અનામત દાયકાઓથી અમલમાં છે. એ અંગેના ખટલા પણ સુપ્રીમમાં વિચારાધીન રહ્યા હોવાને કારણે આ નવી અનામત પણ કાનૂની દાવપેચમાં અટવાતી અમલમાં રહેશે, એવું મનાય છે. વર્ષે રૂપિયા ૮ લાખ એટલે કે મહિને રૂપિયા ૬૬,૦૦૦ કરતાં વધુ આવક ધરાવતાં ''આર્થિક રીતે નબળા પરિવારોને'' ઓબીસી અને આ નવી અનામતનો લાભ આપવાની બેનમૂન જોગવાઈ માટે દેશ-વિદેશમાં ચર્ચા છે. વર્ષે જેની પાંચ લાખ રૂપિયાની આવક છે તેની પાસેથી આવકવેરો વસુલવામાં આવે છે,પણ છ લાખ રૂપિયાની આવકવાળાને આર્થિક રીતે નબળા ગણવામાં આવે એ તો બેનમૂન બાબત છે. રાષ્ટ્રીય પછાત વર્ગ પંચે તો ૧૫ લાખ રૂપિયાની વાર્ષિક આવકવાળાને ગરીબ ગણીને ક્રીમીલેયરમાંથી બાકાત ગણીને ઓબીસીનો લાભ આપવાની ભલામણ કરી હતી.જોકે કેન્દ્રની વર્તમાન સરકારે ૮ લાખ રૂપિયાની આવક મર્યાદાને સ્વીકારીને ઓબીસી અનામતના લાભ આપવાનું ઠરાવ્યું.

મહિને ૬૬,૦૦૦ કમાનાર ગરીબ!

હવે કલ્પના કરો કે ઓબીસી જાતિમાં આવનાર જે પરિવારની આવક વર્ષે માત્ર લાખ રૂપિયા છે એને અનામતની સૌથી વધુ જરૂર હોવા છતાં એનો વારો તો ક્યારેય આવશે કે કેમ એ પ્રશ્ન છે. એની યોગ્યાયોગ્યતા અને બંધારણીયતાની વાતને બાજુએ મૂકીએ તો પણ કેન્દ્ર અને રાજ્યોમાં અનામત જાતિઓની યાદી સમાન જળવાય એ માટે હરિભાઈ સહિતના જૂજ સમાજોના નેતાઓ કેન્દ્રને કાનૂની રજૂઆતો કરી રહ્યા છે. ગુજરાતની જેમ જ જે રાજ્યોમાં કેન્દ્ર અને રાજયમાં અનામતની અલગ અલગ યાદીઓ અમલમાં છે એ વિસંગતતા પહેલાં દૂર કરવામાં તો જ ગનીમત. ગુજરાતમાં ૧૪૬ જાતિઓ ઓબીસીમાં છે,પણ કેન્દ્રમાં આમાંની માત્ર ૧૦૪ જ જાતિઓનો ઓબીસીમાં સમાવેશ કરાયો છે.એટલે આ ૪૨ જાતિઓ કેન્દ્રના ઓબીસીના લાભથી વંચિત છે. ઓછામાં પૂરું મુશ્કેલી એ છે કે કેન્દ્રમાં રાષ્ટ્રીય પછાત વર્ગ પંચને બંધારણીય સ્વરૂપ અપાય પછી એની કામગીરી લગભગ ઠપ્પ થઈ ગઈ છે. લોકસભાની ચૂંટણીનાં પરિણામો આવે અને નવી કેન્દ્ર સરકાર રચાય ત્યાં લગી આ દિશામાં કોઈ નક્કર કામ થવાની અપેક્ષા કરવી નિરર્થક છે. અત્યારે ગુજરાતમાં ઓબીસી અનામત શ્રેણીમાં આવતા અને ક્રીમીલેયરથી નીચેના એટલે કે મહિને ૬૬,૦૦૦ રૂપિયાથી ઓછી આવક ધરાવતા ગરીબોને ''બિન-અનામત પ્રમાણપત્રો'' અપાયા પછી પણ સરકારી નોકરીઓમાં એ કેટલાં ઉપયોગી થશે, એ વિશે હજુ અનિશ્ચિતતા જ પ્રવર્તે છે.

haridesai@gmail.com

### બહાર કરવા

● અનુસંધાન પહેલાનું ચાલુ

કે, પ્રજ્ઞાનું નિવેદન ખુબ જ વખોડવા લાયક છે. ભાજપનો આ આંતરિક મામલો છે પરંતુ તેમને પાર્ટીમાંથી દૂર કરવાના પ્રયાસ કરવા જોઈએ. સાથે સાથે લોકસભાની ચૂંટણીની અવધિને લઈને કહ્યું હતું કે, લાંબા સમય સુધી ચૂંટણી પ્રક્રિયા યોજાય તે બાબત પણ યોગ્ય નથી. લાંબા ચરણોમાં ચૂંટણી યોજવાથી કેટલીક બાબતો નિષ્પક્ષ રહેતી નથી. છેલ્લા ૪૫થી ૫૦ દિવસ સુધી ચૂંટણી પ્રક્રિયા યોજાય તે બિલકુલ યોગ્ય નથી. ચૂંટણીને શાંતિપૂર્ણરીતે પૂર્ણ કરવાને લઈને કહ્યું હતું કે, હવે શાંતિનો માહોલ છે.